| | | | |
|---|---|---|---|
| દાખલ થયા તારીખ | ૧૫/૧૧/૨૦૨૨ | | |
| રજુ કર્યા તારીખ | ૧૫/૧૧/૨૦૨૨ | | |
| ફેંસલ કર્યા તારીખ | ૧૩/૦૩/૨૦૨૩ | | |
| સમય મર્યાદા | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૩ | ૨૯ |

## થાનગઢના મહે. પ્રિન્સિપાલ સિવિલ જજ સાહેબની કોર્ટમાં, મું.થાનગઢ

દિ. કે. નં.૨૨૨/૨૦૨૨
આંક-૨૧

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લી.,
થાનગઢ સબ ડીવીઝન, થાનગઢ, તા.થાનગઢ, .....વાદી.....

**<u>વિરૂધ્ધ.</u>**

ધારશીભાઈ રામાભાઈ
ઉ.વ. આ.૭૦, ધર્મે:- હિન્દુ, ધંધો:-મજુરી,
રહે. થાનગઢ, હે. સરદાર સોસાયટી,
તા.થાનગઢ, જિ.સુરેન્દ્રનગર .....પ્રતિવાદી.....

**બાબત:-** લેણી રકમ **રૂ.૭૦૩૮-૫૭** પૈસા વસુલ મેળવવા અંગે

---

વાદી તરફે વિ.વકીલશ્રી એચ.આર.જાદવ
પ્રતિવાદી તરફે એક તરફી

---

(૧) આ કામે વાદીના દાવાની ટૂંકમાં હકીકત એવી છે કે, વાદી પી.જી.વી.સી.એલ.ની મુખ્ય કચેરી સુરેન્દ્રનગર મુકામે આવેલ છે અને થાનગઢ ગામે સબ ડીવીઝન ઓફીસ આવેલ છે

અને પી.જી.વી.સી.એલ. વીજ કંપનીના નામે લાયસન્સી છે અને વીજળી વાપરનારા ગ્રાહકોને ધારા ધોરણ મુજબ કાયદા અને કરાર મુજબ તથા પી.જી.વી.સી.એલ.ના ધારા ધોરણ અને નીતિ નિયમોને આધીન રહીને ઔધોગિક, ખેતીવાડી, ઘર વપરાશ વિગેરેના હેતુ માટે વીજ પુરવઠો પુરો પાડે છે. આ કામના પ્રતિવાદીને **થાનગઢ** મુકામે પોતાના **રહેણાંક**ના હેતુ માટે કનેકશન આપેલ અને તેઓએ કાયદા અને કરાર મુજબ વીજ કંપનીને વીજ વપરાશ તથા મીનીમમ વપરાશના બીલની રકમ નિયમીત રીતે ચડીયે ચડી ભરપાઇ કરવાની હોય છે. આ કામના પ્રતિવાદીનો ગ્રાહક **નં.૨૭૭૦૧/૦૮૧૭૦/૪** છે. આ કામના પ્રતિવાદીએ વાદીને નિયમીત રીતે વીજ વપરાશના બીલની રકમ ભરપાઇ કરેલ નથી અને પ્રતિવાદી પાસે વાદીના વીજ વપરાશના તથા મીનીમમ વીજ વપરાશના એરીયર્સના **ઓકટોબર–નવેમ્બર–૨૦૨૦ થી ઓગષ્ટ–સપ્ટેમ્બર–૨૦૨૨ સુધીના રૂ.૬૭૦૩–૪૦ પૈસા** તથા ડી.પી.સી. ચાર્જના **રૂ.૩૩૫–૧૭** પૈસા મળી કુલ **રૂ.૭૦૩૮–૫૭** પૈસા બાકી લેણા રહે છે. જે પ્રતિવાદીએ ભરપાઇ નહી કરતા વાદી કંપનીએ આ કામના પ્રતિવાદીનું વીજ કનેકશન કાયમી ધોરણે કાપી નાખેલ છે તેમ છતા પ્રતિવાદીએ વાદીની લેણી રકમ નહી ચુકવતા તેઓને લીગલ નોટીસ આપવામાં આવેલ તેમ છતા આજદિન સુધી પ્રતિવાદીએ વાદીની લેણી રકમ ચુકવેલ નથી. જેથી આ દાવો લાવવાની ફરજ પડેલ છે. આ કામના પ્રતિવાદી પાસેથી વાદીની અરજીમાં જણાવ્યા મુજબની વીજ વપરાશની લેણી રકમ દાવાના તમામ ખર્ચ સહિત દાવાની તારીખથી વસુલ થતા સુધી દર સેકન્ડે **૧૮ %** ના વ્યાજ સાથે પ્રતિવાદીની હરેક પ્રકારની જાત તથા મિલકતથી વસુલ થાય તેવુ હુકમનામું કરી આપવા અરજ ગુજારેલ છે.

(૨) આ કામના પ્રતિવાદીને નોટિસ કરવામાં આવેલ, જે નોટીસ આ કામના પ્રતિવાદીને ધોરણસર બજવા છતા પ્રતિવાદી જાતે અગર વકીલશ્રી મારફત કોર્ટ સમક્ષ હાજર રહેલ નથી કે વાદીના દાવાનો કોઇ જવાબ રજુ રાખેલ નથી. પરિણામે આ કામના પ્રતિવાદી સામે કામ એકતરફી ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૩) પ્રસ્તુત કામમાં વાદી તરફે નીચે જણાવ્યા મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ રાખવામાં આવેલ છે.

**<u>:: મૌખિક પુરાવો::</u>**

| અનું. નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૦૯ | વાદી વીનોદભાઇ રૂપસીભાઇ મીસ્ત્રીનું પુરાવાનું સોગંદનામું |

**<u>:: દસ્તાવેજી પુરાવા:</u>**

| અનું. | આંક | વિગત |
|---|---|---|

| નં. | | |
|---|---|---|
| ૧ | ૧૧ | લેઝર સ્ટેટમેન્ટ |
| ૨ | ૧૨ | ડી.પી.સી. કેલકયુલેશન શીટ |
| ૩ | ૧૩ | કલેકશન વ્યુહ |
| ૪ | ૧૪ | એડજસ્ટમેન્ટ હીસ્ટ્રી |
| ૫ | ૧૫ | કન્ઝયુમર્સ ડીટેઇલ્સ |
| ૬ | ૧૬ | બીલીંગ ડીટેઇલ્સ |
| ૭ | ૧૭ | પ્રફોર્મા નં.૧૨ |
| ૮ | ૧૮ | લીગલ નોટીસ |
| ૯ | ૧૯ | એકનોલેજમેન્ટ |

ઉપરોકત પુરાવા સિવાય અન્ય કોઇ પુરાવા વાદી તરફે રજુ કરવામાં આવેલ નથી અને **આંક–૨૦** થી કલોઝીંગ પુરસીસ રજુ રાખેલ છે.

પ્રતિવાદી સામે દાવો એકતરફી ચલાવવા હુકમ થયેલ હોય પ્રતિવાદી તરફે કોઇ દસ્તાવેજી કે મૌખિક પુરાવો રજુ થયેલ નથી.

(૪) ઉપરોકત વિગતે દાવાના આખરી નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ **આંક–૦૮**થી ઘડેલા છે.

**// મુદ્દા //**

(૧) શું વાદી પુરવાર કરે છે કે, તેઓ પ્રતિવાદી પાસેથી દાવાવાળી લેણી રકમ વસુલ મેળવવા હકકદાર છે ?

(૨) શું વાદી પુરવાર કરે છે કે, તેઓ દાવાવાળી લેણી રકમ ઉપર માંગ્યા મુજબનું વ્યાજ મેળવવા હકકદાર છે ?

(૩) શું વાદી પુરવાર કરે છે કે, તેમનો દાવો સમયમર્યાદામાં છે ?

(૪) શું હુકમ, શું હુકમનામું

(૫) (૧) હકારમાં

(૨) અંશત:હકારમાં

(૩) હકારમાં

(૪) આખરી હુકમ મુજબ

(૬) ઉપરોકત નિર્ણયના મારા કારણો નીચે મુજબ છે.

**// કારણો//**

**મુદ્દા નં.૧**

આ કામમાં વાદી તરફે સાહેદ **વીનોદભાઈ રૂપસીભાઈ મીસ્ત્રી** નાયબ ઈજનેરશ્રીનું પુરાવાનું સોગંદનામું **આંક–૦૯** થી રજુ રાખેલ છે. જેમાં સાહેદે આંક–૦૧ની દાવા અરજીમાં જણાવેલ તમામ હકીકતો મુજબની હકીકતો જણાવેલ છે. સાહેદે પોતાના પુરાવામાં ઉપરોકત પેરા–૩ માં જણાવ્યા મુજબના દસ્તાવેજી પુરાવા અનુક્રમે **આંક–૧૧થી આંક–૧૯** સુધી રજૂ રાખેલ છે. વાદી સંસ્થાએ લીગલ નોટિસ મોકલેલ તેમ છતા બીલની રકમ નહી ભરતા વાદીએ દાવો કરેલાનું પુરાવો આપેલ છે. જે દસ્તાવેજી પુરાવા કે મૌખિક પુરાવાનું ખંડન કરતો કોઇ પુરાવો પ્રતિવાદી તરફે રજૂ કરેલ નથી કે દાવા અરજીની હકીકતોનું ખંડન કરતો દાવા જવાબ પણ પ્રતિવાદીએ રજૂ કરી તે મુજબનો પુરાવો રજુ કરેલ નથી. વાદી સંસ્થા એ પબ્લિક એટ લાર્જના સિધ્ધાંતના ધ્યાને લઈ કામ કરતી બોડી હોય, ચેકીંગ સ્કવોડના અધિકારીને પ્રતિવાદી સાથે કોઈ લેવા દેવા ના હોય યુકિત–પ્રયુકિત કરી ખોટા દસ્તાવેજી પુરાવા પ્રતિવાદી સામે ઉભા કરી પ્રતિવાદી સામે ખોટો દાવો કરી દાવાના સમર્થનમાં ખોટો પુરાવો આપેલ હોય તેવું માની શકાય નહી. તેવા સંજોગોમાં પ્રતિવાદીએ વીટનેશ બોક્ષમાં આવી જુબાની આપી ખંડનાત્મક પુરાવો અદાલત સમક્ષ આપેલ ન હોય, ત્યારે **જી.સી.ડી. ૧૯૯૯(૨) માણેકરાવ વિ. વિધાધારા**ના કેસમાં નામદાર સુપ્રીમ કોર્ટે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૪૪ અન્વયે અદાલત પ્રતિવાદી વિરુધ્ધ યોગ્ય અનુમાન કરી શકાય તેવા તારણ ઉપર આવે છે જેથી મુદ્દા નં.૧ નો નિર્ણય હકારમાં આપવામાં આવે છે.

**<u>મુદ્દા નં.૨</u>**

દાવા કામે વાદી સંસ્થા ધ્વારા બીલની રકમ તથા ડી.પી.સી. ચાર્જની રકમની માંગણી કરેલ છે તેમજ વાદી સંસ્થા ધ્વારા પ્રતિવાદીને નોટિસ આપેલ છે પરંતુ પ્રતિવાદી ધ્વારા બાકી બીલના નાણાં ચૂકવેલ નથી. વધુમાં જયારે વાદીના હાલના દાવા સંબંધી સમન્સ બજયા બાદ પણ પ્રતિવાદીએ પોતાના બચાવ કરવા સારૂ તેમજ વાદીના દાવો ખોટો હોવાનું જણાવવા સારૂ કે દાવાના ખંડન સારૂ હાજર થઈ જવાબ રજૂ રાખેલ નથી કે પોતાનો પક્ષ રજૂ કરેલ નથી ત્યારે ચર્ચા કરી તે મુજબ વાદીએ મુદ્દા નં.૧ પુરવાર કરેલ હોય પરંતુ મુદ્દા નં.૨ બાબતે પ્રતિવાદી પાસેથી ડી.પી.સી. તથા દાવા અરજીમાં જણાવેલ વ્યાજની માંગણી કરેલ છે ત્યારે આ કામે વાદી પક્ષે રજૂ થયેલ દસ્તાવેજી પુરાવામાં **આંક–૧૨** નું પ્રતિવાદીના ખાતાનું ડી.પી.સી. સ્ટેટમેન્ટ વંચાણે લેતાં જેમાં દાવાવાળી વીજ વપરાશના બીલની રકમ **રૂ.૬૭૦૩–૪૦** પૈસા તથા ડી.પી.સી.ની રકમ **રૂ.૩૩૫–૧૭** પૈસા દર્શાવેલ છે. આમ, મુળ રકમ તથા ડી.પી.સી.ની રકમ મળી કુલ **રૂ.૭૦૩૮–૫૭** પૈસા દર્શાવેલ છે. આમ, ડી.પી.સી.ની રકમ અગાઉથી દર્શાવી દીધેલ છે. આથી કુલ રકમ **રૂ.૭૦૩૮–૫૭** ઉપર ડી.પી.સી. ચાર્જ અપાવી શકાય નહી, પરંતુ ફકત મુદ્દલ રકમ **રૂ.૬૭૦૩–૪૦** પૈસા ઉપર જ ડી.પી.સી. ચાર્જ આપી શકાય તેવુ મારૂ માનવું છે. તેમજ વાદીએ આ

કામે **૧૮ %** લેખે જે ડી.પી.સી. ચાર્જની માંગણી કરેલ છે તે વધુ પડતી છે. પ્રવર્તમાન સંજોગોમાં વ્યાજના દર ઘણાં નીચે ગયેલ છે તે દ્રષ્ટિએ વાદીને પ્રતિવાદી પાસેથી **૭%** નાં દરે મુદ્દલ રકમ ઉપર ડી.પી.સી. ચાર્જ અપાવવામાં આવે તો તે વધુ ઉચિત જણાશે તેવું મારૂ માનવું. ત્યારે જાહેર જનતાના હિત માટે કામ કરતી સંસ્થા દિવાની કાર્યસંહિતાની કલમ–૩૪ મુજબ દાવો દાખલ કર્યા તારીખથી દાવા અરજીમાં માંગ્યા મુજબની નહી, પરંતુ **૭ %** સાદુ વ્યાજ આપવું ન્યાયિક અને યોગ્ય લાગતુ હોય મુદ્દા નં.૨ નો અંશત: હકારમાં જવાબ આપવામાં આવે છે.

**<u>મુદ્દા નં.૩</u>**

પ્રસ્તુત કામમાં હાલના વાદીએ પ્રતિવાદી સામે ગ્રાહક હોવા છતા બીલ ભરેલ નહી જેથી ગઇ **તા.૩૧/૦૩/૨૦૨૨** ના રોજ પ્રતિવાદીનું વીજજોડાણ કાપી નાખ્યુ ત્યારથી **ધી ઇલેકટ્રીસીટી એકટની કલમ–૫૬(૨)** ની જોગવાઇ અન્વયે બે વર્ષમાં દાવો દાખલ કરવો જોઇએ. જે હાલના વાદીએ **તા.૧૫/૧૧/૨૦૨૨** ના રોજ દાખલ કરેલ છે. જે વીજજોડાણ કાપ્યા તારીખથી બે વર્ષની અંદર દાખલ થયેલ જણાય છે. જેથી મુદ્દા નં.૩ નો નિર્ણય હકારમાં આપી મુદ્દા નં.૪ અંગે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**// હુકમ //**

(૧) વાદીનો દાવો અંશત: મંજૂર કરવામાં આવે છે.

(૨) આથી પ્રતિવાદીને એવો આદેશ કરવામાં આવે છે કે, તેઓએ વાદીને દાવા વાળી લેણી રકમ **રૂ.૭૦૩૮–૫૭ પૈસા (અંકે રૂપિયા સાત હજાર આડત્રીસ અને સત્તાવન પૈસા પુરા)** વાદી કંપનીને ચૂકવી આપવા.

(૩) વધુમાં પ્રતિવાદીએ દાવો દાખલ કર્યા તારીખથી તે લેણી રકમ વસુલ આપે ત્યાં સુધી મુદ્દલ રકમ **રૂ.૬૭૦૩–૪૦ પૈસા ( અંકે રૂપિયા છ હજાર સાતસો ત્રણ અને ચાલીસ પૈસા પુરા)** ઉપર વાર્ષિક ૦૭ % નાં દરે ડી.પી.સી. ચાર્જ વાદી કંપનીને ચૂકવી આપવા.

(૪) વાદીના દાવાનું ખર્ચ પ્રતિવાદીના શીરે રહેશે.

(૫) આ હુકમ મુજબ હુકમનામું દોરવું.

હુકમ આજ તા.૧૩મી માહે માર્ચ સને ૨૦૨૩ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી હુકમ જાહેર કર્યો.

તા.૧૩/૦૩/૨૦૨૩ (અકબરઅલી ફક્રેઆલમ અન્સારી)

થાનગઢ પ્રિન્સિપાલ સિવિલ જજ

થાનગઢ

યુનિક કોડ નં.જી.જે.૦૧૨૬૪